પ્રેસ જાહેરાત PRESS RELEASE

ભારતીય રિઝર્વ બેંક
RESERVE BANK OF INDIA

વેબસાઇટ/Website : www.rbi.org.in
ઈ-મેલ/email : helpdoc@rbi.org.in

**સંચાર વિભાગ**, કેન્દ્રીય કાર્યાલય, શહીદ ભગતસિંહ માર્ગ, ફોર્ટ, મુંબઈ-400001
**Department of Communication**, Central Office, Shahid Bhagat Singh Marg, Fort, Mumbai-400001 ફોન/Phone: 022- 22660502

आज़ादी का अमृत महोत्सव

19 ડિસેમ્બર 2022

## ભારતીય રિઝર્વ બેંક શ્રી મહાલક્ષ્મી મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિ., ડભોઈ, જિલ્લો વડોદરા (ગુજરાત) પર નાણાકીય દંડ લગાવે છે

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) એ, 12 ડિસેમ્બર 2022 ના રોજના આદેશ દ્વારા, શ્રી મહાલક્ષ્મી મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિ., ડભોઈ, જિલ્લો વડોદરા (ગુજરાત) (બેંક) પર, 'પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો દ્વારા વૈધાનિક અનામતની જાળવણી - રોકડ અનામત ગુણોત્તર (CRR-કેશ રીઝર્વ રેશીઓ) અને વૈધાનિક પ્રવાહિતા ગુણોત્તર (SLR-સ્ટેચ્યુટરી લીક્વીડીટી રેશીઓ)' પર આરબીઆઇ દ્વારા જારી કરાયેલા નિર્દેશોના ઉલ્લંઘન માટે, રૂપિયા 50,000 (રૂપિયા પચાસ હજાર માત્ર) નો નાણાકીય દંડ લાદ્યો છે. આ દંડ, આરબીઆઇ દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું પાલન કરવામાં બેંકની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 ની કલમ 46 (4) (i) અને 56 સાથે વાંચેલી કલમ 47 A (1) (c) ની જોગવાઈઓ હેઠળ આરબીઆઇને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને લાદવામાં આવ્યો છે.

આ કાર્યવાહી નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારિત છે અને તેનો હેતુ બેંક દ્વારા તેના ગ્રાહકો સાથે કરવામાં આવેલ કોઈપણ વ્યવહાર અથવા કરારની માન્યતા પર અભિપ્રાય /નિર્ણય આપવાનો નથી.

### પૃષ્ઠભૂમિ

31 માર્ચ 2018 ના રોજની બેંકની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં આરબીઆઇ દ્વારા હાથ ધરવામાં આવેલ બેંકનું વૈધાનિક નિરીક્ષણ, અને નિરીક્ષણ અહેવાલ અને તેને લગતા તમામ સંબંધિત પત્રવ્યવહારની ચકાસણીમાં, અન્ય બાબતોની સાથોસાથ, પ્રગટ થયું છે કે, બેંકે લઘુત્તમ રોકડ અનામત ગુણોત્તર (CRR) જાળવી રાખેલ નથી, જેના પરિણામે આરબીઆઇ દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું ઉલ્લંઘન થાય છે. ઉક્ત બાબતના આધાર પર, બેંકને નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં તેને આરબીઆઇ દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું ઉલ્લંઘન કરવા બદલ દંડ શા માટે લાદવામાં ન આવે તે અંગે કારણ બતાવવાની સલાહ આપવામાં આવી હતી.

નોટિસ પર બેંકનો જવાબ અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા પછી, આરબીઆઇ એ નિષ્કર્ષ પર આવી કે ઉપરોક્ત આરોપ સાબિત થયો હતો અને નાણાકીય દંડ લાદવાની આવશ્યકતા હતી.

**(યોગેશ દયાળ)**
મુખ્ય મહાપ્રબંધક

**પ્રેસ જાહેરાત: 2022-2023/1392**